"લોક સંવાદ સેતુ" (લોક દરબાર) કાર્યક્રમ.

| અ. નં. | અરજદારનું નામ તથા સરનામું | પ્રશ્નની વિગત | કયા ખાતા / કચેરી ને લાગુ પડે છે? | પાઠવેલ જવાબ | હાલની સ્થિતીની માહિતી (તા. ૨૦.૧૦.૨૦૧૫ અંતિત) |
|---|---|---|---|---|---|
| "લોક સંવાદ સેતુ" (લોક દરબાર) કાર્યક્રમ. તાલુકો: આણંદ જિલ્લો : આણંદ તા. ૦૯/૦૯/૧૫ | | | | | |
| "લોક સંવાદ સેતુ" (લોક દરબાર) કાર્યક્રમ. તાલુકો: આણંદ | | | | | |
| | | | | | |
| "લોક સંવાદ સેતુ" (લોક દરબાર) કાર્યક્રમ. તાલુકો: આણંદ તા. ૦૯/૦૯/૧૫ | | | | | |
| ૧ | જગદીશભાઇ ભાનુભાઇ પટેલ,<br>૧૫, કૈવલ બંગલોઝ,<br>વૈભવ ટાવર પાસે,<br>આણંદ વિધ્યાનગર રોડ, આણંદ | લાઇટ બીલમાં નામ ફેરફાર કરવા બાબત. | એમ.જી.વી.સી.એલ સરદાર પેટા વિભાગ (આણંદ શહેર વિભાગીય કચેરી) | સદર વીજ ગ્રાહકની રજુઆત ઘર વપરાશ વીજ જોડાણના નામ ફેર બાબતની છે અને સદર વીજ જોડાણ નંબર. ૦૦૧૦૨/૦૪૦૨૮/૧, ભૂપેન્દ્ર ચતુરભાઇ પટેલના નામનું છે. જેનો નામ ફેર કરી જગદીશભાઇ ભાનુભાઇ પટેલના નામે કરવાની રજુઆત કરેલ છે.<br>સદર બાબતે જણાવવાનું કે, લાઇટબીલમાં નામ ફેરફાર કરવા માટે નિયત એ-વન ફોર્મમાં જરૂરી દસ્તાવેજી પુરાવા સાથે નિયત નોંધણી ફી સરદાર પેટા વિભાગીય કચેરી ખાતે ભરપાઇ કર્યેથી કંપનીના નિયમોનુસાર સક્ષમ અધિકારીની મંજૂરી મળ્યેથી તથા પ્રવર્તમાન નિયમોનુસાર વિજ સ્થાપનના કરારીત લોડ મુજબ સીકયુરીટી ડીપોઝીટ ભરપાઇ કર્યેથી લાઇટબીલમાં નામ ફેરફાર કરવામાં આવશે એ બાબતની જાણ શ્રી જગદીશભાઇ ભાનુભાઇ પટેલને નાયબ ઇજનેર શ્રી, સરદાર પેટા વિભાગ તરફથી કરવામાં આવેલ છે તથા જરૂરી સમજણ આપેલ છે. | સદર રજુઆત કરનાર તરફથી નામ ફેરફાર કરવા માટે જરૂરી દસ્તાવેજો સાથે અરજી નોધણી કરાવી નિયમ મુજબની સિક્યોરિટી ડીપોઝીટ ની રકમ રૂપિયા ૪૫૭૨/- તારીખ ૦૯.૧૦.૨૦૧૫ ના રોજ ભરપાઈ કરી દીધેલ છે. અને ઇ-ઉર્જા માં નામ ફેરફાર કરવાની કાર્યવાહી નાયબ ઇજનેર શ્રી, સરદાર પેટા વિભાગ તરફથી પૂર્ણ કરવામાં આવેલ છે આમ સદર પ્રશ્નનું નિરાકરણ આવી ગયેલ છે . |
| ૨ | પ્રજાપતિ રમેશભાઇ હરિભાઇ, નાની ખોડીયાર, મંદિર સામે, ૧૦૦ ફૂટ રોડ, આણંદ | અમારા વિસ્તારની આજ દિન સુધી સમસ્યાઓનું નિરાકરણ આવેલ નથી તે બાબત. | એમ.જી.વી.સી.એલ સરદાર પેટા વિભાગ (આણંદ શહેર વિભાગીય કચેરી) | અરજદારશ્રીએ ગંગદેવનગર વિસ્તાસર, આણંદમાં વિજ વિક્ષેપની તકલીફો બાબતે રજુઆત તથા લાંબા સ્પારન વાળી લાઇનોમાં વધારાના પોલ ઉભા કરી વીજ લાઇનોનું સમારકામ કરવા લેખિત તથા મૌખિક રજુઆત લોક દરબાર કાર્યક્રમમાં કરેલ હતી.<br>સદર રજુઆતના અનુસંધાનમાં નાયબ ઇજનેર શ્રી, સરદાર પેટા વિભાગ તરફથી સદર વિસ્તારનું સર્વેક્ષણ કરી હળવા દબાણની લાઇનમાં લાંબા સ્પાનમાં કુલ ૬ નંગ વધારાના પોલ ઉભા કરવાની જરૂરીયાત મુજબ તાંત્રિક મંજૂરીની કાર્યવાહી કરી ૬ નંગ ઉભા કરવાની કાર્યવાહી પૂર્ણ કરેલ છે તથા સદર વિસ્તારની હળવા દબાણની લાઇનોને નડતરરૂપ ઝાડના ડાળખાં કાપવાની કામગીરી પૂર્ણ કરેલ છે. આમ તાત્કાલિક જરૂરીયાત મુજબના સમારકામની કામગીરી પૂર્ણ કરેલ છે. | નાયબ ઇજનેર શ્રી, સરદાર પેટા વિભાગ તરફથી સદર વિસ્તારના વીજ માળખામાં જરૂરી સમારકામ તથા સુધારણા કરવાની સંપૂર્ણ કાર્યવાહી તારીખ ૧૫.૧૦.૨૦૧૫ ના રોજ પૂર્ણ કરવામાં આવી છે. |
| | | | | | |
| "લોક સંવાદ સેતુ" (લોક દરબાર) કાર્યક્રમ. તાલુકો: આંકલાવ જી. આણંદ તા. ૦૯/૦૯/૧૫ | | | | | |
| ૧ | મોતીભાઇ કિશાભાઇ વણકર,<br>નવું ફળીયું,<br>વણકરવાસ,<br>મુ.ગંભીરા તા. આંકલાવ જી. આણંદ | વીજ વાયર હટાવવા બાબત. | એમ.જી.વી.સી.એલ આંકલાવ પેટા વિભાગ (બોરસદ વિભાગીય કચેરી) | લોક દરબાર કાર્યક્રમ અંતર્ગત શ્રી મોતીભાઇ કિશાભાઇ વણકરની રજુઆત નડતરરૂપ હળવા દબાણની લાઇન ખસેડવા બાબતની છે.<br>સદર બાબતે આંકલાવ પેટા વિભાગીય કચેરી ધ્વારા સ્થળ તપાસ કરતા, હયાત સીંગલ ફેઈઝ ૩ વાયર એલ.ટી. લાઇન નીચે નવા મકાનનું બાંધકામ કરેલ હોવાનું માલૂમ પડેલ, જેથી તા:૧૪-૦૮-૨૦૧૫ ના પત્ર દ્વારા વાંધાજનક બાંધકામ દૂર કરવા અથવા નડતરરૂપ એલ ટી લાઇન ખસેડાવી લેવા માટે શ્રી મોતીભાઇ કિશાભાઇ વણકરને નોટિસ પાઠવેલ. તેમજ નડતર રૂપ એલ.ટી. લાઇન ખસેડવા માટે રૂપિયા. ૨૮૩૧/- નું અંદાજપત્ર પણ પાઠવવામાં આવેલ હતું. પાઠવવામાં આવેલ અંદાજપત્રના નાણાં ભરપાઇ કર્યા બાદ સદર એલ.ટી. લાઇન ખસેડવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે એ બાબતની સમજણ શ્રી મોતીભાઇ કિશાભાઇ વણકરને આપેલ હતી. | આંકલાવ પેટા વિભાગીય કચેરી માં અરજદાર તરફથી આજ દિન તારીખ ૨૦.૧૦.૨૦૧૫ સુધી અરજદાર તરફથી લાઇન સિફ્ટિંગ માટેનું અંદાજપત્ર ભરપાઈ કરેલ નથી, જેથી સદર અરજદારના પ્રશ્ન બાબતે કોઈ કાર્યવાહી કરવાની બાકી નથી |

| અ. નં. | અરજદારનું નામ તથા સરનામું | પ્રશ્નની વિગત | કયા ખાતા / કચેરી ને લાગુ પડે છે? | પાઠવેલ જવાબ | હાલની સ્થિતીની માહિતી (તા. ૨૦.૧૦.૨૦૧૫ અંતિત) |
|---|---|---|---|---|---|
| | લોક સંવાદ સેતુ (લોક દરબાર) કાર્યક્રમ. તાલુકો: સોજીત્રા જી. આણંદ તા. ૦૯/૦૯/૧૫ | | | | |
| ૧ | મીનાબેન આર. પટેલ, પ્રમુખ શ્રી, નગર સેવાસદન, સોજીત્રા | ૧. નગરપાલિકાના વારિગૃહના વીજ જોડાણોમાં નાઇટ અવર્સ દરમિયાન વપરાતા વીજ વપરાશમાં મંજુર થયેલ નાઇટ ટેરીફ મુજબનો ટેરીફનો લાભ ટેરીફ મંજુર થયા તારીખથી આપવાનો બાકી છે તેની ગણતરી કરી વીજ બીલમાં મજરે જમા આપવાની રજુઆત | એમ.જી.વી.સી.એલ સોજીત્રા પેટા વિભાગ (પેટલાદ વિભાગીય કચેરી) | (૧) નાયબ ઇજનેર શ્રી, સોજીત્રા સબ ડીવીઝન તરફથી સોજીત્રા નગરપાલિકાના નાઇટ ટેરીફની રાહતની ૨ નંગ ૫૦ હોર્સપાવર કે તેથી વધુ વીજ ભાર વાળા હળવા દબાણના વારિગૃહના વીજ જોડાણોની તફાવતની રકમ ગણતરી કરી પેટલાદ વિભાગીય કચેરીએ મંજુરી માટે મોકલી આપેલ છે. | સદર રજુઆત પેટે ગ્રાહક નં : ૦૪૭૦૧/૦૦૦૯૬/૫ (૧૦૦ એચ પી) વારિગૃહ વીજ જોડાણ માં ૫, ૬૪,૫૭૦/- રૂપિયા તથા ગ્રાહક નં: ૦૪૭૦૧/૦૪૮૦૩/૮(૫૫ એચ પી) વારિગૃહ વીજ જોડાણ માં ૧,૭૫,૯૬૩/- રૂપિયાના નિયમ મુજબ નાઇટ ટેરીફ મુજબનો ટેરીફનો લાભ/વળતર મંજૂર કરવામાં આવેલ છે. જે આગામી વીજ-બીલમાં ક્રેડીટ આપવામાં આવશે. |
| | | ૨. શંભુપુરા વોટરવર્કસ તેમજ ત્રબોવડ વોટરવર્કસ પુરતો પાવર ન મળવા તથા ફયુઝ બોકસમાં ખરાબ થયેલ ફયૂઝ બદલી જરૂરી સમારકામની કામગીરી માટેની રજુઆત. | એમ.જી.વી.સી.એલ સોજીત્રા પેટા વિભાગ (પેટલાદ વિભાગીય કચેરી) | (૨) નાયબ ઇજનેર શ્રી, સોજીત્રા સબ ડીવીઝન તરફથી ત્રંબોવાડ વોટર વર્કસના ટ્રાન્સફોર્મર સેન્ટરરના એલ.ટી. ડ્રીસ્ટ્રીબ્યુશન બોકસ બદલવાની કામગીરી પૂર્ણ કરેલ છે તથા શંભુપુરા વોટર વર્કસના ટ્રાન્સફોર્મર સેન્ટીર એલ.ટી. ડ્રીસ્ટ્રીબ્યુબશન બોકસની વ્યવસ્થા કરી દીધેલ છે તથા બદલવાની કામગીરી દિન-૭ માં પૂર્ણ કરવામાં આવશે એમ નાયબ ઇજનેર શ્રી, સોજીત્રા સબ ડીવીઝન તરફથી અહેવાલ આપવામાં આવેલ છે. | નાયબ ઇજનેર શ્રી, સોજીત્રા સબ ડીવીઝન તરફથી ત્રંબોવાડ વોટર વર્કસના ટ્રાન્સફોર્મર સેન્ટરરના એલ.ટી. ડ્રીસ્ટ્રીબ્યુશન બોકસ બદલવાની કામગીરી પૂર્ણ કરેલ હતી તથા શંભુપુરા વોટરવર્કસના ટ્રાન્સફોર્મર સેન્ટીર એલ.ટી. ડ્રીસ્ટ્રીબ્યુબશન બોકસ બદલવાની કામગીરી તારીખ ૧૦.૧૦.૨૦૧૫ ના રોજ પૂર્ણ કરવામાં આવેલ છે આમ સદર પ્રશ્નનું નિરાકરણ આવી ગયેલ છે. |
| | | ૩. સોજીત્રા શહેરમાં હાઉસીંગ તથા કોમર્શીયલ વીજ પુરવઠામાં હાલ જોવા મળતી અનિયમિતતા તેમજ ટ્રીપીંગ વગેરેનો નિકાલ કરવા બાબત. | એમ.જી.વી.સી.એલ સોજીત્રા પેટા વિભાગ (પેટલાદ વિભાગીય કચેરી) | (૩) નાયબ ઇજનેર શ્રી, સોજીત્રા સબ ડીવીઝન તરફથી આ બાબતે આખા નગરપાલિકા વિસ્તાંરમાં સર્વેક્ષણ કરી જરૂરી સમારકામ/ સિસ્ટફમ ઇમપ્રુવમેન્ટિની વિગતો મેળવી નિયમ મુજબની તાંત્રિક મંજુરી મેળવી જરૂરી કામગીરી કરવામાં આવશે એમ નાયબ ઇજનેર શ્રી, સોજીત્રા સબ ડીવીઝન તરફથી અહેવાલ આપવામાં આવેલ છે. | નાયબ ઇજનેર શ્રી, સોજીત્રા સબ ડીવીઝન તરફથી સોજીત્રા નગરમાં હળવા તથા ભારે દબાણની લાઈનોનું જરૂરી સમાર-કામ કરાવેલ છે જેથી ૧૧ કેવી સોજીત્રા ફિડરના વીજ વિક્ષેપ માં નોંધપાત્ર ઘટાડો થયેલ છે |
| | | ૪. સોજીત્રા નગર સેવા સદનનાં વારિગૃહ તેમજ ડ્રેનેજ વીજ જોડાણો ખાતે વીજ પુરવઠાની અનિયમિતતા તથા ટ્રીપીંગનું નિરાકરણ કરવા બાબત. | એમ.જી.વી.સી.એલ સોજીત્રા પેટા વિભાગ (પેટલાદ વિભાગીય કચેરી) | (૪) નાયબ ઇજનેર શ્રી, સોજીત્રા સબ ડીવીઝન તરફથી આ બાબતે આખા નગરપાલિકા વિસ્તાંરમાં વારિગૃહ તેમજ ડ્રેનેજ વીજ જોડાણોના સ્થળ સર્વેક્ષણ કરી જરૂરી સમારકામ/ સિસ્ટમ સુધારણાની વિગતો મેળવી નિયમ મુજબની તાંત્રિક મંજૂરી મેળવી જરૂરી કામગીરી કરવામાં આવશે એમ નાયબ ઇજનેર શ્રી, સોજીત્રા સબ ડીવીઝન તરફથી અહેવાલ આપવામાં આવેલ છે. | નાયબ ઇજનેર શ્રી, સોજીત્રા સબ ડીવીઝન તરફથી સોજીત્રા નગરમાં વારિગૃહ તેમજ ડ્રેનેજના વીજ જોડાણોની હળવા તથા ભારે દબાણની લાઈનોનું જરૂરી સમારકામ કરાવેલ છે જેથી સદર વારિગૃહ તેમજ ડ્રેનેજ વીજ જોડાણોના વીજ પુરવઠાની અનિયમિતતા તથા ટ્રીપીંગ બાબત પ્રશ્નનું નિરાકરણ આવી ગયેલ છે. |
| | | ૫. સોજીત્રા શહેરમાં લગાવેલ ડભોવાળી ભાગોળ પાસે વીજ ફોલ્ટ થવાથી સીએફએલ ઉડી જવા બાબત તથા આ બાબતે યોગ્યત કામગીરી કરી નિરાકરણ કરવા બાબત. | એમ.જી.વી.સી.એલ સોજીત્રા પેટા વિભાગ (પેટલાદ વિભાગીય કચેરી) | (૫) નાયબ ઇજનેર શ્રી, સોજીત્રા સબ ડીવીઝન તરફથી આપેલ મૌખિક અહેવાલ મુજબ સદર સ્ટ્રીટલાઇટની લાઇનનું પ્રેટ્રોલીંગ કરતાં નગરપાલિકાની ટયુબલાઇટનું ચોક શોર્ટ થવાથી સદર ફોલ્ટ થયેલ હોવાનું કારણ મળી આવેલ છે. સદર શોર્ટ થયેલ ચોકને બદલવાની કામગીરી નગરપાલિકાના સ્ટ્રીટલાઇટ વિભાગ તરફથી કરવામાં આવેલ છે અને સદર સ્ટ્રીટલાઇટ લાઇનના જંપર ચેક કરી જરૂરી સમારકામની કામગીરી પૂર્ણ કરેલ છે. | નાયબ ઇજનેર શ્રી, સોજીત્રા સબ ડીવીઝન દ્વારા સદર સ્ટ્રીટલાઇટની લાઇનનું પ્રેટ્રોલીંગ કરાવતા નગરપાલિકાની ટયુબલાઇટનો ચોક શોર્ટ હોવાથી સદર ફોલ્ટ થયેલ હોવાનું કારણ મળી આવેલ છે. સદર શોર્ટ થયેલ ચોકને બદલવાની કામગીરી નગરપાલિકાના સ્ટ્રીટલાઇટ વિભાગ તરફથી કરવામાં આવેલ છે અને સદર સ્ટ્રીટલાઇટ લાઇનના જંપર ચેક કરી જરૂરી સમારકામની કામગીરી પૂર્ણ કરેલ છે. સદર જરૂરી કામગીરી કર્યાબાદ સ્ટ્રીટલાઇટની લાઇન બાબતે કોઈ પ્રશ્ન બાકી રહેલ નથી |

| અ. નં. | અરજદારનું નામ તથા સરનામું | પ્રશ્નની વિગત | કયા ખાતા / કચેરી ને લાગુ પડે છે? | પાઠવેલ જવાબ | હાલની સ્થિતીની માહિતી (તા. ૨૦.૧૦.૨૦૧૫ અંતિત) |
|---|---|---|---|---|---|
| | **લોક સંવાદ સેતુ (લોક દરબાર) કાર્યક્રમ. તાલુકો: પેટલાદ જી. આણંદ તા. ૦૯/૦૯/૧૫** | | | | |
| ૧ | જગદીશભાઇ ડાભી, પેટલાદ શહેર, રામનાથ તળાવ પાસે, પેટલાદ | ઝૂંપડપટ્ટીમાં વીજ કનેકશન બાબત. | એમ.જી.વી.સી.એલ પેટલાદ શહેર પેટા વિભાગ (પેટલાદ વિભાગીય કચેરી) | તા. ૦૯/૦૯/૨૦૧૫ ના રોજ આણંદ વર્તુળ કચેરી તરફથ યોજાયેલ લોક દરબાર કાર્યક્રમમાં પેટલાદ શહેરમાં રામનાથ તળાવની પાસે બાંધેલા ઝૂંપડાઓમાં ઘર વપરાશના વીજ જોડાણ મેળવવા માટેની શ્રી જગદીશભાઇ ડાભીની રજુઆત મળેલ છે.<br>સદર રજુઆતના અનુસંધાનમાં જણાવવાનું કે, પેટલાદ શહેર પેટા વિભાગીય કચેરી ખાતે રજુઆત કરનારની કે રામનાથ તળાવ પાસેની ઝૂંપડપટ્ટીના અન્યપ રહીશોની ઘર વપરાશના વીજ જોડાણોની કોઇ અરજી નોંધાયેલ પડતર કે નાણાં ભરપાઇ થયેલ પડતર નથી. સદર રજુઆતના સંદર્ભમાં નાયબ ઇજનેર શ્રી, પેટલાદ શહેર પેટા વિભાગીય કચેરી ધ્વાસરા તા. ૦૮/૦૯/૨૦૧૫ ના રોજ સદર સ્થરળની રૂબરૂ મુલાકાત કરવામાં આવેલ છે.<br>સદર બાબતે જણાવવાનું કે, શહેરી ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજનાનો લાભ લેવા માટે નાયબ ઇજનેર શ્રી, પેટલાદ શહેર તરફથી શ્રી જગદીશભાઇ ડાભીને નીચે મુજબ કાર્યવાહી કરવા રૂબરૂ સમજણ આપેલ છે.<br>(૧) દરેક અરજદાર દીઠ નવા વીજ જોડાણ માટેના એ-વન ફોર્મ નાયબ ઇજનેરશ્રીની કચેરીએથી મેળવી તેમાં જરૂરી વિગત ભરી અરજદારનો પાસપોર્ટ સાઇઝનો ફોટો ચાંટાડી અરજદારની સહી કરાવવી. | પેટલાદ શહેર પેટા વિભાગીય કચેરીમાં તા. ૦૮/૦૯/૨૦૧૫ ના રોજ સદર સ્થળની રૂબરૂ મુલાકાત કરી આપેલ સૂચના મુજબ કાર્યવાહી કરી અરજદાર તરફથી આજ દિન તારીખ ૨૦.૧૦.૨૦૧૫ સુધી અરજી નોધણી કરાવેલ નથી જેથી સદર અરજદાર ના પ્રશ્ન બાબતે કોઈ કાર્યવાહી કરવાની બાકી નથી |
| ૨ | ચીફ ઓફીસર, પેટલાદ નગરપાલિકા, પેટલાદ | લોક દરબાર કાર્યક્રમ અંતર્ગત પેટલાદ નગરપાલિકાના વારીગૃહ વિભાગના બોર માટે નવીન વીજ કનેકશન મેળવવાના કામે ભરેલ રજીસ્ટ્રેશન ફી તથા આપેલ એસ્ટીમેંટની મુદત વધારી આપવા બાબત. | એમ.જી.વી.સી.એલ પેટલાદ શહેર પેટા વિભાગ (પેટલાદ વિભાગીય કચેરી) | લોક દરબાર કાર્યક્રમ અંતર્ગત પેટલાદ નગરપાલિકાના ચીફ ઓફીસર તરફથી કુલ ૩ નંગ વારીગૃહના બોર માટે નવીન વીજ કનેકશનની નોંધાયેલ અરજીના આપેલ એસ્ટીમેંટની મુદત વધારી આપવા માટે રજુઆત કરેલ છે. સદર બાબતે જરૂરી કાર્યવાહી કરી નાયબ ઇજનેર શ્રી, પેટલાદ શહેર તરફથી તા. ૧૮/૧૦/૨૦૧૫ સુધીની મુદત વધારેલ અંદાજપત્ર પેટલાદ નગરપાલિકાને તા. ૧૯/૦૯/૨૦૧૫ ના રોજ પાઠવેલ છે. આમ સદર લોક દરબારના પ્રશ્નનું નિરાકરણ આવી ગયેલ છે. | સદર બાબતે જરૂરી કાર્યવાહી કરી નાયબ ઇજનેર શ્રી, પેટલાદ શહેર તરફથી તા. ૧૮/૧૦/૨૦૧૫ સુધીની મુદત વધારેલ ૩ (ત્રણ) અંદાજપત્ર પેટલાદ નગરપાલિકાને તા.૧૯/૦૯/૨૦૧૫ના રોજ પાઠવેલ છે. આમ સદર લોક દરબારના અંદાજપત્રની મુદત વધારી આપવા માટેના પ્રશ્નનું નિરાકરણ આવી ગયેલ છે. તેમજ તેના નાણાં તા.૨૧/૦૯/૨૦૧૫ અને તા.૨૯/૦૯/૨૦૧૫ ના રોજ ભરપાઈ થયેલ છે. |
| | **લોક સંવાદ સેતુ (લોક દરબાર) કાર્યક્રમ. તાલુકો: ઉમરેઠ જી. આણંદ તા. ૦૯/૦૯/૧૫** | | | | |
| | વીજળીને લગતા કોઇ પ્રશ્ન રજૂ કરેલ નથી. | | | | |
| | **લોક સંવાદ સેતુ (લોક દરબાર) કાર્યક્રમ. તાલુકો: તારાપુર જી. આણંદ તા. ૦૯/૦૯/૧૫** | | | | |
| | વીજળીને લગતા કોઇ પ્રશ્ન રજૂ કરેલ નથી. | | | | |
| | **લોક સંવાદ સેતુ (લોક દરબાર) કાર્યક્રમ. તાલુકો: બોરસદ જી. આણંદ તા. ૦૯/૦૯/૧૫** | | | | |
| | વીજળીને લગતા કોઇ પ્રશ્ન રજૂ કરેલ નથી. | | | | |
| | **લોક સંવાદ સેતુ (લોક દરબાર) કાર્યક્રમ. તાલુકો: ખંભાત જી. આણંદ તા. ૦૯/૦૯/૧૫** | | | | |
| | વીજળીને લગતા કોઇ પ્રશ્ન રજૂ કરેલ નથી. | | | | |